ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ડીજી સાથેની રણનીતિ રણમાં ખોવાઈ ગઈ!*
*જન્મદિન શુભેચ્છા પઠાનકોટમાં ધોવાઈ ગઈ!*
*રો વાઈ ગઈ દોસ્તી શહીદ-પરિવારનાં આંસુથી -*
*જગત આખામાં આપણી મૂર્ખાઈ જોવાઈ ગઈ!*
*(પીઠમાં છૂરી ભોંકી)*

હાઈકુ

*વાર્યાં ન વર્યાં -*
*'હાર્યાં' સમજી ગયાં -*
*લ્યો! ગુન્હા માફ!!*
*(કેસો પાછા ખેંચ્યા)*

*આ કુંભકર્ણો*
*હવે પાડે છે 'ખેલ'*
*મહાકુંભનો...*
*(પ્રચારના મેદાને...)*

## ચિંતન

**ઉપાર્જિતાનાં વિત્તાનાં ત્યાગ હિ એવ હિરક્ષણામ્ ।**
**તડાગોદરસ્થાનાં પરીવાહ ઈવા અભ્યસામ્ ॥**

અર્જિત-સંચિત કરેલા ધનનો સદુપયોગ સન્માર્ગે વાપરવું એ જ તેનું સાચું સંરક્ષણ છે. ધનનો સારી રીતે લાભ ઉઠાવવો એ જ તેની રક્ષા છે. જેમ તળાવમાં પાણી ભર્યું જ હોય તેની નિકાસ-વપરાશ-ઓગન ને હોય તો પાણી બગડી જાય છે. તેના પાણીનો પવિત્ર કાર્યોમાં થાય એ જ તેનો સદુપયોગ છે.

ચાણક્ય નીતિ કહે છે કે, આપણા પ્રધાનશ્રીઓ-અધિકારીઓ અને અનીતિથી કમાઈ ખાનાર ઉદ્યોગપતિઓ ધન એકઠું તો કરે છે પણ લગભગ તો અંતે 'જપ્ત' થાય કે કોર્ટ-કબાલામાં જ જાય તે નહીં તો મોટા-મોટા રોગ એ નાણું ખાય છે.

ધનનો ઉપયોગ સમાજસેવા, ધર્મ-દાન-પુણ્ય અને ગરીબોને મદદરુપ થવામાં થાય તો જ તેની સાચી સુરક્ષા અને સદુપયોગ છે.

## સુવિચાર

- દિપકને તેના પ્રકાશ માટે ધન્યવાદ આપો,
  પરંતુ જે દિપક લઈને અંધારામાં ઊભો છે સ્થિરતાથી ઉભો છે તેને ન ભૂલો - **ચંન્દ્રકાન્ત મહેતા**
- એ જ માણસ સમાજમાં સાચા અર્થમાં મોટો ઠરી શકે,
  જે પોતાના શુદ્ધ અંતઃખરણને વફાદાર હોય - **મોરારિ બાપુ**
- સલામત રહેવું હોય તો તમારી સલામતીની ચિંતા સ્વાર્થને સોંપવાને બદલે પરમાત્માને સોંપી દો!!
  કારણ કે માણસે આપેલી સલામતી માણસ જ છીનવી લેતો હોય છે - **માનસસૂત્ર**
- તમે ઊગો અને બીજાને ઉગવા દો, તમે ચમકો અને બીજાને ચમકવા દો...
  મહાન બનવું હોય તો બીજાની મહાનતાનો આદરપૂર્વક સ્વીકાર કરો - **નવનીત**
- ચાલો આપણે બદીની બહુમતીને નાબૂદ કરવા નેકીની લઘુમતીને પડખે ઊબા રહીએ - **જનકલ્યાણ**
- આજના મનુષ્યને મૃત્યુના આઘાત કરતા 'પોસ્ટમોર્ટમ'ના રિપોર્ટમાં વધારે રસ છે!
  એટલે જ હિંસાને માણસની ના સમજદારીના ઉપહાસમાં રસ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ગરમીથી આંખ દુઃખતી હોય તો કેળાનું પાન આંખ પર મુકી રાખવાથી તરત રાહત થાય છે.

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

મનમાં સતત આનંદ અને નિશ્ચિતપણું, પરમશાંતિ એ જ જીવનનું ઉત્તમ સુખ છે. અમૂલ્ હીરા જેવું એ જીવન ભલે 'ફકીર' જેવી નિર્ધન અવસ્થા હોય છતાં પણ એ 'અમૂલ્ય' છે.

ઓલિયો-મસ્ત ફકીર સ્નાન માટે નદીએ, કોઈ ભજનની ધૂન ગણગણાવતો જતો હતો. ત્યાં રસ્તામાં તેને કિંમતી હીરો મળ્યો. તે હજુ જોતો જ હતો ત્યાં એક લુચ્ચો ઝવેરી ત્યાંથી પસાર થયો.

હીરાના કિરણ પરથી જ તે કિમતી હીરાને ઓળખી ગયો. ફકીરને કહ્યું, બાબા, આ ચમકતો પથ્થર મને આપશો? છોકરાં રાજી થશે.

સંતે હસીને કહ્યું, બેટા! મારે માટે આ હીરો પથ્થર છે, લે હું તને આપું છું. પણ જીવનની પરખ સુખ-શાંતિ આ નહીં આપી શકે.

ઝવેરી હરખાતો ઘરે ગયો. કિંમતી હીરાથી તે સમૃદ્ધ થયો. છોકરા મોજશોખમાં લંપટ ગઈ ગયા. સ્ત્રીઓ આરામમાં જાડીપાડી થઈ રોગીષ્ઠ થઈ - ઘર પાયમાલ થયું.

રડતો રડતો ફકીર પાસે આવ્યો અને ઘરની પરિસ્થિતિથી કહી. સંતે સર્વને ત્યાગ કરી - ઈશ્વર પ્રત્યે પ્રેર્યો.

# એવરગ્રીન અભિનય સમ્રાટ...

કેટલીક વ્યક્તિઓ એમની હયાતીમાં જ 'દંતકથા' બની જતી હોય છે. એણની હયારી પછી પણ એમનું સ્મરણ વાગોળવું ગમતું હોય છે. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી આવી જ એક યાદગાર પ્રતિભા હતા. એ વ્યક્તિ મટીને વિભૂતિ બનવાની ક્ષમતા ધરાવતા મોટા ગજાના કલાકાર હતા. ગુજરાતના સાંસ્કૃતિક જગતની એક 'ઘટના' તરીકે એમની પ્રથમ પુણ્યતિથિએ ગુજરાત એમને યાદ કરે બલકે એમની ખોટ અનુભવે તે સ્વાભાવિક છે. મૂળે ઉપેન્દ્ર ત્રિવેદી ઈડર પંથકનું ફરજંદ. ઈડર વિશે એક જાણીતું સૂત્ર છે. 'ઈડરે પંચરત્નાનિ...' આ પાંચ રત્નોમાં ખેડબ્રહ્મામાં ભૃગુઋષિનો આશ્રમ છે અને બ્રહ્માજીનું મંદિર છે. ઈડરના પહાડની ગોદમાં કણ્વનાથ મહાદેવનું પ્રાચીન મંદિર છે અને ભિલોડા નજીક ભવનાથ તથા શામળાજીમાં શામળિયા દેવ - ગદાધર દેવ! આપણે વર્તમાન સંદર્ભે ઈડરનાં નવાં 'પંચરત્નો'ની સ્થાપના કરી શકીએ : બે જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સર્જકો - ઉમાશંકર જોશી અને પન્નાલાલ

## તંત્રીસ્થાનેથી....

પટેલ, એક લોક સંત જેસંગ બાપા અને બે કલાકાર બંધુઓ : ઉપેન્દ્ર ત્રિવેદી અને અરવિંદ ત્રિવેદી. ઈડરનું મૂલ નામ 'ઈલ્વ દુર્ગ' : સામાન્ય લોકો માટે ઈડરિયો ગઢ એટલે અજય ચઢાણ. આપણા અભિનય સમ્રાટે ઈડરિયા ગઢની જ ઈજ્જતની પતાકા આજીવન ફરકાવ્યે રાખી. કુકડીયા જેવા નાના ગામડામાં ઊછરેલા આ કલાકારે ગુજરાતી નાટ્ય અને સિને જગતને તો રળિયાત કર્યું જ; સાથે જ જીવનનો ઉત્તરાર્ધ પોતાની ભૂમિની સેવામાં સમર્પિત કરી એક આદર્શ રોલ મોડલ સ્વરુપે ખીલ્યા. ઉપેન્દ્રભાઈ ગ્રેજ્યુએટ નહોતા છતાં બબ્બે યુનિવર્સિટીઓએ ઉમળકાભેર એમને 'ડિ.લીટ્'ની સર્વોચ્ચ માનદ ઉપાધિથી પોંખ્યા હતા તે જ શું સૂચક નથી? એ ફક્ત સ્ક્રિપ્ટ મુજબ કે દિગ્દર્શકનાં સૂચનો મુજબ અભિનય કરનારા મિડિયોકર આર્સિસ્ટ નહોતા. હકીકતમાં એમની અંદર એક સર્જક ધબકતો હતો જે એમને અભિનયનાં અજવાળાં પાથરવા માટે મજબૂર કરતો હતો. એમને વતનનો ભારે 'અહાંગરો' પીડતો હતો, એટલે મુંબઈ જેવી માયાનગરી છોડી એ સાબરકાંઠાની સેવામાં આવી ગયા. એથી સ્તો પોતે ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી પણ 'અભિનય સમ્રાટ' જેવું નાટક લખી, એના મુખ્ય પાત્રને સરકતા મંચ પર જીવતું કરી ગુજરાતને દુષ્કાળની વિભીષિકાટાણે મદદરુપ થવાનું સૂઝ્યું. પન્નાલાલ પટેલની જ્ઞાનપીઠ પુરસ્કૃત મહાનવલ 'માનવીની ભવાઈ'માં નર્મદાનો સંકેત ઉમેરી ગુજરાતની તરસી ધરાને હંમેશને માટે છપ્પનિયો દુષ્કાળ જેવી વિકટ પરિસ્થિતિમાંથી ઉગારવા માટેની દિશા ચીંધી.

ઉપેન્દ્રભાઈ હાલતીચાલતી યુનિવર્સિટી જેવા હતા. લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ સાથેની એમની આત્મીયતા ઝવેરચંદ મેઘાણીની કક્ષાની હતી. ઉપેન્દ્ર ત્રિવેદી જ 'જેસલ તોરલ'માં જેસલની યાદગાર ભૂમિકા ભજવી શકે. એમના મુખે મુકાયેલાં સંવાદો બીજા કલાકારો ભાગ્યે જ એમની સ્ટાઈલમાં રજૂ કરી શક્યા હોત. 'શેતલના કાંઠે' કે 'પાતળી પરમાર' જેવી ફિલ્મોના આ નાયક જયારે નાટકના મંચ પર ઊતરતા ત્યારે વળી એમનું જુદું જ સ્વરુપ જોવા મળતું. 'સંતુ રંગીલી'ના ઉપેન્દ્ર ત્રિવેદી અને 'માલવપતિ મુંજ' ના ઉપેન્દ્ર ત્રિવેદી કલાકાર તરીકે કેવાં અવનવાં શિખર સર કરે છે! એ સાચે જ ગુજરાતી ફિલ્મ જગતના દિલીપકુમાર હતા. 'પદ્મશ્રી' નો એવોર્ડ એમની આગળ વામણો બની જાય. એક જ વ્યક્તિ ઉચ્ચ કક્ષાનો કલાકાર હોય, પ્રબુદ્ધ વક્તા પણ હોય અને અઠંગ લોકસેવક પણ હોય, એવું ભાગ્યે જ જોવા મળતું કૉમ્બિનેશન ઉપેન્દ્ર ત્રિવેદીની પ્રતિભામાં હતું. એમની હયાતી પછી પણ ગુજરાત એમને દાયકાઓ સુધી સંભારતું રહેશે.

# મોહતાજ ના કશાનો હતો કોણ માનશે! મારોય એક જમાનો હતો, કોણ માનશે!

મોહતાજ ના કશાનો હતો,
કોણ માનશે? મારોય એક
જમાનો હતો કોણ માનશે?
'રૂસ્વા' કે જે શરાબી મનાતો
રહયો જગે, માણસ બહુ
મજાનો હતો, કોણ માનશે?

ઈસુના ૨૦૧૫ના વર્ષે અલવિદા કહી છે. ઠંડીના માહોલમાં સૂર્ય ઉર્જાનો અનેરો આનંદ લોકો હોંશભેર માણતા થયા છે. સમયના આ ભાગમાં તડકાનું અદકેરું મૂલ્ય છે તે વાત કવિ મનોજ ખંડેરીયાએ સુંદર શબ્દોમાં મઢી આપી છે.

ફાટું ભરીને સોનું
સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે
તડકા વસંતના

તડકાની આ સર્વસુલભ ઉષ્મા માત્ર વિટામીન બી-૧૨ જ નથી. પરંતુ આકાશી ભાણની નિરંતર નીતરતી હેત વર્ષા છે. મોહમ્મદ કરીમ ચાગલા (એમ.સી.ચાગલા) જેવા મોટા ગજાના વિદ્વાન રાજપુરુષને ડિસેમ્બર તથા જીવનની પાનખરે અનેક આછાઘેરા રંગોની સ્મૃતિ આ સમયે તાજી કરી આપી તે સ્વાભાવિક છે. ચાગલા સાહેબે પુસ્તક સ્વરૂપે શબ્દબધ્ધ કરેલી જીવનની અનેક નાની મોટી ઘટનાઓની વાતોને Roses in December જેવું સૂચક નામ આપેલું છે. પાનખરમાં પણ તાજા અને મહેકતા ગુલાબની સ્મૃતિ જરૂર અનુભવી શકાય છે. ડિસેમ્બર સાથે જોડાયેલી આવી એક મીઠી તથા મહેકતી સ્મૃતિ રાજવી શાયર રૂસ્વા મઝલૂમીની છે. જૂનાગઢ જિલ્લાના પાજોદના આ સદાકાળ દરબાર સાહેબનું નામ ઈમામુદીન ખાન હતું. ગાંધીજી જે વર્ષમાં આફ્રિકાથી પરત આવીને મુંબઈ બંદરે ઉતર્યા તે ૧૯૧૫ના વર્ષમાં ડિસેમ્બર માસની ૧૧મી તારીખે પાજોદ દરબાર સાહેબ શ્રી ઈમામુદીનખાનનો જન્મ થયો હતો. પાજોદ દરબાર કવિઓના કવિ અને રાજવીઓના



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

રાજવી હતા. સર્વ શ્રી રજનીકુમાર પંડયા તથા બિરેન કોઠારીની કાળજીપૂર્વકની મહેનતથી દરબાર સાહેબની અનેક વાતો આપણાં સુધી પહોંચી છે. આશાપુરા ઔધોગિક જૂથના લોકો પણ આવા કાર્યને પ્રોત્સાહન તથા બળ પુરું પાડવા માટે આપણાં અભિનંદનને પાત્ર છે. ઉર્દૂ તથા ગુજરાતીમાં યાદગાર ગઝલો ઉપરાંત નવલિકાઓ તેમજ સ્મૃતિચિત્રો તથા ઘટનાઓનું વિપુલ સર્જન કરીને આ રાજવી શાયર કલાપીની જેમ સદાકાળ જીવંત તથા પ્રાસંગિક રહયા છે. આવા ધન્યનામ શાયરોની સ્મૃતિના અડિખમ મહેલો કલાપી કહે છે તેમ આજે પણ ઉન્નત મસ્તકે ઊભા છે.

કુરંગો જયાં કૂદે ટોળાં
પરિન્દાના ઊડે ટોળાં
કબૂતર ઘૂઘવે છે જયાં
અમારા મહેલ ઊભા ત્યાં.

દેશ આઝાદ થયો ત્યારે બ્રિટીશ હકૂમત હેઠળનો વિસ્તાર તો આપોઆપ 'યુનિયન ઓફ ઈન્ડિયા' માં જોડાયો. પરંતુ જે પ્રદેશો સ્થાનિક રાજવીઓની હકૂમત હેઠળ હતા. તેમને વિકલ્પ પસંદ કરવાની તક મળી. કોઈ પણ રાજવી સ્વતંત્ર પણ રહી શકે અને પસંદગી મુજબ હિન્દુસ્તાન કે પાકિસ્તાનમાં જોડાઈ શકે તેવી વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. જૂનાગઢના બાબી વંશના નવાબોનું શાસન હતું. જૂનાગઢ જિલ્લાના માણાવદર-બાંટવા અને સરદારગઢ તાલુકાઓ પણ જૂનાગઢના બાબી વંશના નવાબના સગાંઓને મળ્યા હતા. જૂનાગઢના તત્કાલીન શાસક નવાબ મહાબતખાને દીવાન શાહનવાઝ ભુટ્ટોની સલાહ પ્રમાણે પાકિસ્તાન સાથે જોડાવાનું પસંદ કર્યું. શામળદાસ ગાંધી તથા આરઝી હકૂમતે પ્રજાના સંપૂર્ણ સહકારથી નવાબનું આ સ્વપ્ન સિધ્ધ થવા ન દીધું તે એક રોમાંચક ઈતિહાસ છે. પરંતુ જૂનાગઢના આ અંતિમ શાસકના જ પિતરાઈ ખાનસાહેબ શ્રી ઈમામુદ્દીનખાનજી (પાજોદ)એ રાજકોટના પ્રાદેશિક કમિશનરશ્રીને લખી જણાવ્યું કે પાકિસ્તાન સાથે જોડાવાની વાત તેમને મંજૂર ન હતી. આ પ્રજાવત્સલ રાજવીએ જણાવ્યું કે પ્રજાની ઈચ્છા વિરૂધ્ધ પાકિસ્તાન સાથેના

અનુસંધાન પાના નં. ૭ પર

# રોમાન્સ અને સેક્સ એટલે શું? એકાંત

કલ્યાણમ, કચેરી
સરસારમ, સમાન્ધી
પેન પીલ્લાઈ, આન પીલ્લાઈ
અપૈયો ઓહ માને...
નીટરુ એન્બધુ ઈન્ડ્રી લાઈ
નાલાઈ નીનાઈપ્પાઈ
ઓહ થોલાઈ
લાઈક અ લાઈક માય લૈલા
ઈન્દુ માતમ
કીંગ અને ક્વીન - અહા...

કેમ! તમને લાગ્યું હશે ને! કે આજે મારું ચસકી ગયું છે કે શું? શું લખ્યું છે ઉપર!! અરે ભાઈ! ઉપરની તમિલ પંક્તિઓનો ભાવાર્થાત્મક અનુવાદ લખીને સમજાવું બસ!

લગ્ન, કોર્ટ, વાઈફ
ફેમીલી લાઈફ, વરરાજા
ઓહ નો, આ બધું નહીં વ્હાલા
ગઈકાલ એ આજ નથી
આવતીકાલનો વિચાર! ઓહ બકવાસ
માત્ર આજના જ રાજા અને રાણી
તું અને હું...

હવે આનાથી વધારે ગુંચવણમાં તમને નહીં મૂકું... આ તમીલ ગીત તમીલ પિકચર 'ઓ કાન્ધલ કાનમની' નું છે... મણિરત્નમ્ દ્વારા દિગ્દર્શીત અને એ.આર. રહેમાનના મ્યુઝિકથી સુશોભિત આ ફિલ્મ ગયા વર્ષે એપ્રિલ ૨૦૧૫માં જ રીલીઝ થઈ હતી... અને ગયા અઠવાડિયે જ આ તમીલ ફિલ્મ અંગ્રેજી સબટાઈટલ સાથે જઈ અને મજા આવી ગઈ...

ફિલ્મમાં ચાર પાત્ર છે. બે કપલની આસપાસ ઘૂમતી ૧૩૮ મિનિટની આ ફિલ્મ સુપર્બ રોમેન્ટીક મુવી છે...


બે કપલમાંથી એક કપલ એટલે ફિલ્મના હીરો-હીરોઈન જે લગ્ન, પરિવાર, બાળકો જેવી પળોજળમાં પડવા થી માંગતા... પરંતુ પ્રેમ એકબીજાને જોતાવેંત કરવા માંડ્યા છે... તો આ બંને એક સિનિયર સિટીઝન કપલ એટલે કે પ્રકાશરાજ (સિંઘમનો વિલન) અને લીલા સેમસન (ડેબ્યુ ફિલ્મ છે આ તેમની) ના ઘરે પેઈંગ ગેસ્ટ તરીકે રહેવા આવે છે.

સિનીયર સિટીઝન કપલની સાયલન્ટ લવસ્ટોરી આ બંને જુવાનીયાઓની લવ-ઈન-રીલેશનશીપ જેવી મેન્ટાલીટીને જળમૂળમાંથી છિન્ન-ભિન્ન કરીને ભાંગીને ભૂક્કો કરી નાખે છે... અને અંતે હીરો-હીરોઈનના લગ્ન થઈ જાય છે... હેપી હેપી એન્ડીંગ...

પરંતુ પૂરા બે કલાક અને અઢાર મિનિટ શ્રીમાન મણિભાઈ એટલે મણિરત્નમ્ જે રીતે વાર્તાને પોતાના મિડાસ ટચ આપે છે તે અફલાતુન છે...

પ્રકાશરાજની પત્ની લીલા સેમસન કે જે કર્ણાટકી ગાયિકા હતા... તેઓ અલ્ઝાઈમરના પહેલા સ્ટેજના દર્દી છે... નાની-નાની વસ્તુઓ ભૂલી જાય છે... માટે જ પ્રકાશરાજ ફુલટાઈમ હાઉસ-હસબન્ડ બની જાય છે... અને પત્નીની સંભાળથી લઈને જમવાનું બનાવવું વગેરે વગેરે કાર્યો સાહજિકતાથી કરે છે. પત્ની જરા પણ રીઅલાઈઝ થવા દીધા વગર પત્નીની સંભાળ લે છે...

અત્યારની ટ્વિટર, ફેસબુક અને વોટ્સએપ જનરેશનના સિમ્બોલ સમા હીરો-હીરોઈન ફર્સ્ટ સાઈટ લવ કરી બેસે છે, અને સામે બંને લગ્ન અને પરિવાર જેવા બોરીંગ ઈશ્યુ માટે એક સાથે સહમત છે... કે લગ્ન તો કરવા જ નથી... જવાબદારી રૂપી લગ્નનો બાળકોનો ભાર તો વેંઢારવો જ નથી... છ મહિનામાં જ બંને પોતપોતાની કારકિર્દી માટે થઈને લંડન અને પેરીસ જેવી નોર્થ પોલ-સાઉથ પોલની જેમ વિરુદ્ધ દીશામાં ઉડી જવાના છે...




આ વિશે તેઓ સંપૂર્ણ સભાન છે... અને બસ જેટલો સમય સાથે છે, તેટલો સમય એન્જોય કરવા માંગે છે... બંનેનું બોન્ડિંગ પ્રકાશરાજ અને લીલા સેમસન પ્રત્યે ઘટ્ટ થતું જાય છે... રીસપેક્ટ અને અહોભાવથી હીરો અને હીરોઈન કયારે (Old) કપલની નજીક આવી જાય છે, તેની તેમને પણ જાણ થતી નથી...

આખરે હીરો-હીરોઈનને પોત-પોતાની દીશા લંડન અને પેરિસ જવા માટેનો સમય નજીક આવી જાય છે... બંને એકબીજા વગર થોડી વાર માટે પણ રહી નથી શકતા... તેના બે-ચાર ઉદાહરણ રુપ કિસ્સા ખૂબીપૂર્વક મણિભાઈએ દેખાડ્યા છે... બંનેને પોતપોતાના કમિટમેન્ટ યાદ છે, એટલા માટે એકબીજાને કહી શકતા નથી, કે તું મને છોડીને ન જા...



વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

એવામાં પ્રકાશરાજના પત્ની કે જે અલ્ઝાઈમરના સેકન્ડ સ્ટેજ પર પહોંચી ગયા છે, તેઓ ઘરમાંથી કયાંક ખોવાઈ જાય છે... પ્રકાશરાજ ગાંડાની માફક તેને વરસાદી બપોરે અહીંથી ત્યાં શોધતો ફરે છે - તો બીજી તરફ હીરો-હીરોઈન પણ તેને શોધવા નીકળી પડે છે... આ શોધા-શોધમાં હીરોઈન અને હીરો પણ શાકમાર્કેટમાં થોડીક મિનિટો માટે જ છૂટા પડી જાય છે... અને આ થોડીક મિનિટોમાં જ બંને એકબીજાના ખોવાઈ જવાના ડરથી વ્યાકુળ થઈ જઈને બેબાકળા બની જાય છે... અને જયારે મળે છે ત્યારે એકબીજા પર ગુસ્સો કરવા મંડે છે... અને જયારે હીરોઈન કહે છે કે બિચારા! ગણપતીજી (પ્રકાશરાજ) ની હાલત થઈ હશે...? તેઓ કેટલી સેવા કરે છે તેમની વાઈફની! અને તે જ ક્ષણે હીરો પણ બોલી ઉઠે છે કે હું પણ તેમનાં જેવો જ પતિ બનીશ... મોટી ઉંમરે હું પણ તારું આટલું જ ધ્યાન રાખીશ...

મણિરત્નમ્ 'ધ મણિરત્નમ્' કેમ છે, તે આપણને ફિલ્મના નાના-નાના દશ્યો જોઈને ખબર પડે.. કોઈ મસ-મોટા - સિદ્ધાંતવાદી સંવાદોની ઝડી વરસાવી દઈને તેમને ઢંઢેરો પીટ્યો નથી કે લગ્નનું મહત્વ બીબાઢાળ પદ્ધતિ પસંદ કરી નથી. સાહજીક રીતે માત્ર હાવભાવ દ્વારા અને પરિસ્થિતિઓના નિર્માણ દ્વારા જ મેસેજ આપ્યો છે.

ઈમર્સનનું વિધાન છે કે, રોમાન્સ અને સેક્સ એટલે શું? તેમણે માત્ર એક જ શબ્દમાં કહ્યું કે એકાન્ત.

આજે જયારે રોમાન્સ અને સેક્સ એ બજારમાં આવી ગયો છે... નવી ફૅશન પ્રમાણે 'ખુલ્લંખુલ્લા પ્યાર કરેંગે હમ દોનોં' વાળી દુનિયામાં બધું સાર્વજનિક થઈ ગયું છે. ત્યારે સવાલ થાય કે, તો પછી તેઓ એકાન્તમાં શું કરતા હશે? હા! સ્માર્ટ ફોન પર વોટ્સએપ મેસેજીસ ચેક કરતા હશે...

લવ-ઈન-રિલેશનશીપ જેવી ફોરવર્ડ માનસિકતા ધરાવતા જુવાનીયાઓ જવાબદારી નિભાવવા માગતા નથી, બસ મન પડે ત્યાં સુધી વસ્તુનો ઉપયોગ કરતા હોય, તેમ ઉપયોગ કરવાનો પછી નવી ઘોડી નવો

અનુસંધાન પાના નં. ૭ પર

# આપણે ત્યાં અન્નક્ષેત્રોનો મહિમા અપાર છે, આવા વાતાવરણમાં કોઈ ભુખ્યો માણસ નજરે પડે અને એને સરળતાથી ભોજન કે નાસ્તો કરાવી દઈએ ત્યારે આપણી અંદર માણસાઈના દીવા પ્રગટે છે, આસપાસ અજવાળા રેલાય છે

'જો પેલા બે બહેનો પ્લેટમાં નાસ્તો લઈ જાય છે.' સંધ્યાએ એની બહેનપણી કિર્તીને કહ્યું.

'આપણા જેવા હજારો માણસો દૂર દૂરથી અહીં ખાણી-પીણીનો આનંદ લેવા આવે, તો અહીંના લોકો તો લાભ લે જ ને!!!' જવાબ મળ્યો, ને ઉમેરાયું 'અચાનક મહેમાન આવી ગયા હશે રાત્રે ૧૨ વાગે, એટલે જમાડી દો મહેમાનને ભાજી-પાઉં' બંને હસ્યા. થોડીવાર પછી એમણે જે દશ્ય જોયું એ જોઈને એમના મનોભાવો સાવ જ બદલાઈ ગયા.

શિયાળાની કડકડતી ઠંડીનો સમય વર્ષ ૨૦૧૫ને વિદાય આપીને ૨૦૧૬ને વધાવવાનો મૂડમાં મસ્ત અમદાવાદીઓ માણેકચોકની ખાણી-પીણીની બજારમાં ઉમટી પડ્યા હતા. ત્યાં સુધી પહોંચવાના જાહેર માર્ગો પર વાહનોના ખડકલા થઈ ગયા હતા. માણેકચોકની આ બજારમાં એમ કહોને કે ઉભા રહેવાની પણ જગ્યા ન હતી. એમાં મજાની વાત એ હકી કે આટલી ભીડ વચ્ચેથી પણ સ્થાનિક લોકોની કાર અને સ્કૂટર ગમે તે રીતે રસ્તો કરીને પણ આવતા-જતા હતા. દિવસે આ વિસ્તારમાં સોના-ચાંદીના મુલ્યવાન આભૂષણોની દુકાનો ધમધમે - લાખ્ખોની રકમની હેરાફેરી થાય અને સાંજ ઢળે એટલે દુકાનો બંધ થવાની સાથે જ ફૂટપાથ પર અને જાહેર જગ્યાઓ પર, અડચણરુપ ન બને એ રીતે ખાણી-પીણીના વિવિધ સ્ટોલ્સ લાગી જાય. જાત જાતની સેન્ડવીચ, સાઉથ ઈન્ડિયન વાનગીઓ, ફાલુદા-આઈસ્ક્રીમ ને કુલ્ફી, રગડો પેટીસ ને ચાટની વેરીટી, ગોટા-ગાંઠ્યા ને દાળવડા, ભાજી-પાઉંને પુલાવ માગો તે આઈટમ પળવારમાં હાજર થઈ જાય ને દેશ-વિદેશના અને સ્થાનિક અમદાવાદના સ્વાદપ્રેમી રસિયાઓ સ્વાદના ચટાકા લેતા જાય. હાલતા-ચાલતા બેસીને અને ઉભા ઉભા જેમ અનુકૂળ આવ્યું તેમ ગોઠવાઈને - ગામગપાટા કરતા કરતાં અહીં ભોજન કરવું એય એક લ્હાવો છે. ગુજરાતમાં કે ભારતમાં બહુ ઓછા સ્થળોએ આવી DVAL Market છે, જયાં દિવસ-રાત પૂરબહારમાં અલગ અલગ વ્યવસાયો ચાલતા હોય. ભોજન પછી જો કડક -મીઠી ચા અને પાન ન હોય તો ભોજન અધુરું લાગે, એટલે એનો જલસો પણ અહીં ફાસ્ટફુડના પ્રેમીઓને મળે.



અજવાળું - અજવાળું
તુષાર જોશી

આવો જ જલસો કરવા સોસાયટીના ત્રણેક પારિવારિક મિત્રો પહોંચ્યા હતા માણેકચોક. ક્રિસમસના પર્વ નિમિત્તે સોસાયટીમાં કલાકાર તરીકે ભાગ લેવા આનાકાની કરી રહેલી સ્તુતિને પડોશી અંકલ કુણાલે કહ્યું હતું કે 'તું જો સ્ટેજ પર પરફોર્મ કરે તો તને માણેકચોક લઈ જઈશ (પછી મસ્તી કરતાં એવું પણ કહ્યું કે ખર્ચો તારા ડેડીએ જ કરવાનો છે) અને આ પરફોર્મન્સના માનમાં કહેલા શબ્દોને અનુરુપ શનિવારની રાત્રીએ બધા પહોંચ્યા હતા. માણેક ચોકમાં... જેમને જે ભાવ્યું તે ખાધું અને ધમાલ કરી ધીમે ધીમે માણેકચોકની ગલીમાંથી બહાર આવવાના માર્ગે સંધ્યા અને કીર્તિ આવીને ઊભા હતા. વાતચીતમાં સંધ્યાએ કહ્યું 'મને તો શરીરની તાસીર જ એવી છે કે સોનાના ઘરેણા જ અનુકૂળ આવે છે...' દરમિયાન બંનેની નજર પેલા બે બહેનો ઉપર પડી. નાસ્તા માટેની મજબૂત પેપર ડીશમાં નાસ્તો હતો, ઉપર બીજી ડીશ ઢાંકેલી હતી અને ઉચ્ચ મધ્યમ વર્ગની એ બે મહિલાઓ માણેકચોકની ભીડમાંથી ભોજન ઢળે નહિ અને કોઈના કપડા બગાડે નહિ એની કાળજી લેતી લેતી જઈ રહી હતી. એને જોનારાએ - સહુએ પોતપોતાના અનુમાન કર્યા હશે ને એમ જ સંધ્યા અને કીર્તિએ પણ સ્વાભાવિક રીતે અનુમાન કર્યું આસપાસના ઘરમાં કયાંક આ લોકો રહેતા હશે અને ઘરના કયાંક આ લોકો રહેતા હશે અને ઘરનાના લોકો માટે અથવા તો અચાનક આવી ચડેલા મહેમાનો માટે નાસ્તો ઘરે લઈજતા હશે એવો વિચાર એમણે કર્યો. પરિવારના મિત્રો આવી જતા આ બંનેએ આગળ જવાનું શરુ કર્યું. અને આગળ જતી પેલી બે બહેનો ફરી એમને દેખાઈ.. અને અચાનક તે બંને બહેનો રસ્તાની ડાબી તરફ અટકી... ઝુકીને એમને પોતાના હાથમાં રહેલી નાસ્તાની એ બંને ડીશ નીચે બેઠેલા ગરીબ-ભિખારીને માનભેર આપી. ક્ષણભરમાં એ પાછી વળીને ફરી માણેકચોકમાં એના પરિવાર સુધી પહોંચી ગઈ. સંધ્યા અને કીર્તિએ જોયું કે એક આંધેડ ઉંમરનો અપંગ ઠેલણગાડી લઈને બેઠો હતો, સાથે એની પત્ની અને બે બાળકો પણ હતા. પેલા બે બહેનોએ એમને આપેલું ભોજન એ લોકો આરોગતા હતા. આ જોઈને સંધ્યા અને કીર્તિને પોતે ધારી લીધેલી વાત માટે દુઃખ થયું અને મનોમન કયારેક ફરી ભૂખ્યાજનની જઠરાગ્નિ શાંત કરવાનો સંદેશ લઈને તેઓ પરિવાર સાથે ઘર તરફ વળ્યાં.

તાજેતરમાં બનેલી આ ઘટનામાં બે બાબત સહજપણે ઊડીને આંખે વળગે છે, એક કે પહેલી નજરે દેખાતી ઘટના વિશે બની શકે ત્યાં સુધી અનુમાન ન કરવા. અવલોકન-અભ્યાસ બરાબર છે પરંતુ એના આધારે ત્વરિત પોતાની જાતને અથવા તો સામેની વ્યક્તિના વિશે ખોટો સંદેશ પ્રસરે છે.

બીજી વાત એ કે આપણે જયારે કોઈ ગરીબને - ભુખ્યા જનને નજર સામે જોઈએ છીએ ત્યારે આપણે ખાઈએ એમાંથી થોડું એને પણ આપીએ. ગરીબોને -ભીખારીઓને મદદ કરવાથી તેઓ પરિશ્રમ વિના જીવન ગુજારે છે એ દલીલમાં સમાયેલું સત્ય સાચું હોય તો પણ બની શકે ત્યાં સુધી વિકલાંગ હોય-ગરીબ હોય - ભુખ્યા હોય એવા માણસોને ભોજન કે નાસ્તો આપવાથી એની આંતરડી ઠરે છે અને એની દુઆ મળે છે.

કોઈને ભોજન કરાવીએ એ પછી આપણે આપણી જવાબદારીમાંથી મુક્ત થવું જોઈએ એનો અર્થ એ કે એના તરફથી કોઈ અપેક્ષા પણ ન રાખવી જોઈએ. સામેના માણસની જરુરિયાતને આપણે સમજી શકયા એ જરુરીયાત પુરી કરવાનો પ્રયત્નો કર્યો.આપણને આનંદ થયો. બસ વાત પુરી થઈ જાય છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતની ધરતી તો ભજન કરનાની અને ભોજન કરાવવાની પ્રેરણા આપનારી ધરતી છે. આપણે ત્યાં અન્નક્ષેત્રોનો મહિમા અપાર છે. આવા વાતાવરણમાં કોઈ ભુખ્યો માણસ નજરે પડે અને એને સરળતાથી ભોજન કે નાસ્તો કરાવી દઈએ ત્યારે આપણી અંદર માણસાઈના દીવા પ્રગટે છે અને આસપાસ અજવાળા રેલાય છે.

તેજપુંજ :

દેને કો અન્ન દાન હે
લેને કો હરિનામ,
તરને કો આધિનતા
બુડન કે અભિમાન

\- કબીર